# અમરોલી વિસ્તારમાં મોબાઈલ ચોરીની બે-(૦૨) E-FIR દાખલ થયેલ અને ગણતરીના દિવસોમાં ગુનાઓ ઉકેલી મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડતી અમરોલી પોલીસ

સુરત શહેરના અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં (૧) તા.૦૩/૦૮/૨૦૨૨ ના વહેલી સવારના કલાક ૦૫/૦૦ થી ૦૭/૦૦ દરમિયાન અમરોલી, પાર્થ સોસા., ગુ.હા.બોર્ડ ઘર નં.૧૧૩૭ પાસેથી ફરીયાદીશ્રીના ભાઈનો OPPO કંપનીનો મોબાઈલ ફોન નંગ-૦૧ કિ.રૂ.૧૫૦૦૦/- ની મત્તાનો અજાણ્યો ઈસમ ચોરી કરી નાશી જતા આ બાબતે E-FIR ઓનલાઈન નોંધાવેલ હતી જેની પ્રાથમિક તપાસ દરમિયાન ગુનો બનતા, આ બાબતે અમરોલી પોલીસ સ્ટેશન ખાતે તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ પાર્ટ-એ-૧૧૨૧૦૦૦૪૨૨૧૮૪૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે તથા (૨) તા.૦૪/૦૯/૨૦૨૨ ના રાત્રીના કલાક ૨૧/૩૦ થી ૨૨/૪૦ દરમિયાન અમરોલી કોસાડ આવાસ એચ/૪, બિ.નં.૩૩૦/એ/૦૯ પાસેથી ફરીયાદીશ્રીનો રેડમી કંપનીનો મોબાઈલ ફોન નંગ-૦૧ કિ.રૂ.૭,૦૦૦/- ની મત્તાનો અજાણ્યો ઈસમ ચોરી કરી નાશી જતા આ બાબતે E-FIR. ઓનલાઈન નોંધાવેલ હતી જેની પ્રાથમિક તપાસ દરમિયાન ગુનો બનતા, આ બાબતે અમરોલી પોલીસ સ્ટેશન ખાતે તા.૦૫/૦૯/૨૦૨૨ ના રોજ પાર્ટ-એ-૧૧૨૧૦૦૦૪૨૨૨૦૧૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે

સુરત શહેર વિસ્તારમાં બનતા મોબાઈલ ચોરીના ગુનાઓ શોધી કાઢવા બાબતે મળેલ બાતમી હકીકત તેમજ ટેક્નીકલ વર્કઆઉટ આધારે અમરોલી પોલીસ સ્ટેશનના મોબાઈલ ચોરીના બે(૦૨) ગુનાનો ભેદ ઉકેલી આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરેલ છે

- પકડાયેલ આરોપીનુ નામ:- ઉમેશ ઉર્ફે ગોપાલ ઉર્ફે ઉજો ઉર્ફે કાળીયો મનસુખભાઈ ઉર્ફે મેરામણભાઈ ગોકળભાઈ પાથર ઉ.વ.-૨૫ રહેવાસી, ૨૦૨, જાનવી એપાર્ટમેન્ટ, બાપાસીતારામ ચોક, નહેરવાળો રસ્તો, કામરેજ, જી-સુરત ગ્રામ્ય, મુળ રહેવાસી ગામ-અંબાડા, તા-મેંદરડા, જી-જુનાગઢ
- ડીટેક્ટ થયેલ ગુનાની વિગતો:-(૧) અમરોલી પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૨૧૦૦૦૪૨૨૧૮૪૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ (૨) અમરોલી પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૨૧૦૦૦૪૨૨૨૦૧૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
- મળી આવેલ મુદ્દામાલ (૧) ઓપ્પો કંપનીનો મોબાઈલ ફોન નંગ-૦૧, જેનો IMEI NO.:- ૮૬૬૫૯૨૦૫૬૮૫૦૪૯૭ નો કિ.રૂ.આ.૧૫,૦૦૦/-

(૨) રેડમી કંપનીનો મોબાઈલ ફોન નંગ-૦૧ , જેનો IMEI NO.:- ૮૬૯૯૫૬૦૫૨૫૪૯૭૨૫ નો કિ.રૂ.આ.૭,૦૦૦/-.

